# ભરૂચના જુવેનાઈલ હોમ ના બે બાળકો શાળાએથી ગુમ થતા ચકચાર

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચના કુકરવાડા પાસે આવેલ જુવેનાઈલ હોમ ના બે બાળકો શાળાએ ગયા બાદ ત્યાંથી જતા રહેતા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ભરૂચના કુકરવાડા પાસે આવેલ જુવેનાઈલ હોમના બે બાળકો વેજલપુરની જય અંબે વિદ્યાલયમાં રોજની જેમ અભ્યાસ માટે ગયા હતા ધો.૩ અને ૭ માં અભ્યાસ કરતા આ બંને બાળકોની હાજરી રીસેષ બાદ પૂરવામાં આવતા શિક્ષકના ધ્યાનમાં બંને વિદ્યાર્થીઓ ન હોવાનુ ધ્યાનમાં આવ્યુ હતુ તેઓના દફતર પણ કલાસમાં હતા પરંતુ બંને વિદ્યાર્થીઓ હતા નહિ તેથી આ અંગેની જાણ શાળા ધ્વારા જુવેનાઈલ હોમ ખાતે કરવામાં આવી હતી.

શાળા ખાતેથી બંને વિદ્યાર્થીઓ જતા રહયા હોવાની માહીતી મળતા જુવેનાઈલ હોમના સંચાલક સહિત અન્ય કર્મચારીઓએ તેઓને શોધવા માટેના તમામ પ્રયત્નો કરવા છતા બી ડીવીઝન પોલીસ મથકે તે અંગેની ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચ બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે બંનેની શોધખોળ માટેના પ્રયાસો હાથ ધરવાની કવાયતના ભાગરૂપે પુછતાછ કરવા સહિતના ચક્રો ગતિમાન કર્યા છે.

ભરૂચના જુવેનાઈટ હોમના બે બાળકો કેવી રીતે ગુમ થયા કેમ થયા ? સહિત અન્ય પ્રશ્નો અંગે હાલ તો તર્કવિર્તક સર્જાઈ રહયા છે ત્યારે શું તપાસમાં બહાર આવે છે તે જોવુ રહયું.★

## મોડાસામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઈ



**મોડાસા,**
અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જીલ્લા ટ્રાફિક પોલીસ અને રોડ ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા ૩૦ માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત મોડાસા શહેરમાં મોડાસા પોલીસ તંત્ર,આર.ટી.ઓ, ટ્રાફિક તેમજ બ્રિગેડ ના જવાનો અને શાળાના બાળકો ના સહયોગથી મોડાસા શહેરના માર્ગો પર વાહનચાલકો અને પ્રજાજનોમાં ટ્રાફિક નિયમનનું પાલન કરવા,ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા,ટૂ વ્હીલરમાં હેલ્મેટ ફરજીયાત પહેરવા,ફોરવ્હીલ ચલાવતી વખતે સીટબેલ્ટ ફરજીયાત બાંધવા જેવા સાવચેતી રૂપી નિયમોનું પાલન કરી અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અંગેની જનજાગૃતિ રેલી યોજાઈ હતી ટ્રાફિક પી.એસ.આઈ જાડેજાએ શાળાના બાળકોને ટ્રાફિક નિયમો થી અવગત કરાયા હતા.

# ભરૂચના બંબાખાનાના એ.ટી.એમ.માંથી ગ્રાહકના કાર્ડ વડે રૂ.૧ લાખ ઉપડી ગયા



(તસ્વીરઃ- વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચના બંબાખાના એ.ટી.એમ.માંથી રૂા.એક લાખ અન્યના કાર્ડ વડે ઉપાડી લેવાના કેસમાં સીકયુરીટી ગાર્ડનું આ કારસ્તાન હોવાનુ માલુમ પડતા ગણત્રીના કલાકોમાં જ પોલીસે તેની અટકાયત કરી હતી. ભરૂચના બંબાખાના રોડ પર રહેતા વ્યવસાયકાર કૃણાલકુમાર રાજપૂત તેમના પિતાનું બંબાખાનાની બેંક ઓફ બરોડા શાખામાં એકાઉન્ટ ધરાવે છે આ એકાઉન્ટ માટે ડેબીટ કાર્ડની માંગણી તેઓએ કરી હતી પરંતુ તે મળ્યુ ન હતું. આ દરમ્યાન તેઓના એકાઉન્ટમાં રૂા.એક લાખ ત્રણ હજાર રહેલા હોય તેમાંથી રૂા.એક લાખની એફ.ડી. કરાવવા પોતાના પિતા સાથે બેંક પર ગયા હતા જયાં એકાઉન્ટનું બેલેન્સ ચેક કરતા માત્ર ૯૬ રૂપિયા જણાતા ચોંકી ઉઠયા હતા. આ અંગે બેંક મેનેજર સહિત ભરૂચ 'બી' ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેના પગલે પોલીસે બેંકની બાજુમાં આવેલા એ.ટી.એમ.ના સીસીટીવી કુટેજ મેળવવા સાથે બેંક કર્મચારીઓના નિવેદનો નોંધ્યા હતા જેમાં એ.ટી.એમ.નો સીકયુરીટી ગાર્ડ ગૌરવ પરમારની સંડોવણી જણાઈ આવી હતી. પોલીસે આરોપી ગૌરવ પરમારની ગણત્રીના કલાકમાં અટકાયત કરવા સાથે રૂા.એક લાખ પણ રીકવર કરી આગળની તપાસ હાથ ધરી છે. નાયબ જીલ્લા પોલીસ વડા વાઘેલાએ પોલીસની આ સફળતા અંગે માહીતી આપતા જણાવ્યું હતું કે ત્રણ ચાર વર્ષથી એ.ટી.એમ. પર નોકરી કરતો હોય બેંક કર્મચારીઓનો વિશ્વાસ કેળવી લીધો હતો જેથી તેને ડેબીટ કાર્ડનો પાસવર્ડ મેળવી લઈ ટૂકડે ટૂકડે એક લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. પોલીસ તપાસમાં ઝડપાયેલ આરોપી આ રીતના અન્ય કોઈ ગુનાઓમાં પણ સંડોવાયેલ હોવાનુ બહાર આવે છે કે નહિ કેમ તે જોવુ રહયું.★

## ભિલાડમાં જીએચસીએલ કંપની દ્વારા સીએસઆર એક્ટ હેઠળ નિઃશુલ્ક સર્વ નિદાન કેમ્પ યોજાયો



(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

**(પ્રતિનિધિ) વલસાડ,**
ભિલાડ ખાતે આવેલ શ્રી શ્રીજી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના સહયોગથી જીએચસીએલ ફાઉન્ડેશન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સી.એસ.આર. પ્રવૃત્તિ હેઠળ નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યે પ્રારંભ કરાયો હતો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન ભિલાડ ગ્રામ પંચાયતના સરપંચ વૈશાલીબેન કપિલભાઈ જાદવના વરદ હસ્તે કરાયું હતું. આ પ્રસંગે આમંત્રિત મહેમાનો ક્રિષ્ણાબેન પરમાર, પિયુષભાઈ શાહ, ભિલાડના પી.એસ.આઈ. એ.ડી. મ્યાત્રા, મનોજભાઈ વારલી તેમજ હોસ્પિટલના ચેરપર્સન કુમારભાઈ ત્રિવેદી, ડો. જયોત્સનાબેન ગુલાટી તથા અન્ય ડોકટરોના હસ્તે દિપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો.

આ કાર્યક્રમનું આયોજન સી.એસ.આર. પ્રવૃત્તિ હેઠળ જીએચસીએલ કંપની દ્વારા પ્રજા માટે આ નિઃશુલ્ક નિદાન કેમ્પનું સુંદર આયોજન કરાયું હતું અને આ કાર્યક્રમમાં કોટેજ હોસ્પિટલના નામી ડોકટરોની ટીમ સાથે જોડાયી હતી તથા અન્ય ડોકટરો પણ આ સેવામાં હાજર રહયા હતા. લોકહિતના આ સુંદર કાર્યક્રમમાં આશરે ૪૦૦ દર્દીઓએ આ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો હતો અને જે દર્દીને ગંભીર બીમારી જણાતા વધુ સારવાર અર્થે નામી હોસ્પિટલમાં મોકલવાની વ્યવસ્થા પણ કરી હતી. આ સુંદર કાર્યનું શ્રેય શ્રી શ્રીજી હોસ્પિટલના સંચાલક કુમારભાઈ ત્રિવેદી અને જીએચસીએલ કંપનીના સંચાલકોને અપાયો હતો. આ પ્રસંગે ભિલાડ ગ્રામ પંચાયતના સરપંચ વૈશાલીબેન કપિલભાઈ જાદવ, પિયુષભાઈ શાહ, આરાધના લાયન્સ કલબ ભિલાડના પ્રમુખ ક્રિષ્નાસિંગ પરમાર, ભિલાડ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.ડી. મ્યાત્રા, મનોજ વારલી, હોસ્પિટલના ચેરપર્સન કુમારભાઈ ત્રિવેદી, ડો. જયોત્સનાબેન ગુલાટી તથા ડોકટરોના સ્ટાફ, નર્સ સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.★

# સલવાવ શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્રમાં દ્વિદિવસીય વસંતોત્સવ ઉજવાયો

**(પ્રતિનિધિ) વલસાડ,**
શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવનો દ્વિ દિવસીય ૩૭ મો વાર્ષિક વસંતોત્સવ રંગેચંગે સંપન્ન થયો. આ ઉત્સવમાં બે દિવસમાં ૧૮૦૦થી વધુ કે.જી.થી લઈ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ફાર્મસી બી.ફાર્મ, સુધીના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ સાંસ્કૃતિક કાર્યક્રમોથી ૧૫૦૦૦થી વધુ ઉપસ્થિત પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય કનુભાઈ દેસાઈ, રાજયભરમાંથી સંતો, અને દેશ વિદેશથી પધારેલા અગ્રણીઓએ ઉત્સવની શોભા વધારી હતી.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, સલવાવ ખાતે આયોજીત વસંતોત્સવ સંસ્થાના સ્થાપક પૂ. પૂરાણી સ્વામી કેશવચરણદાસજીના અધ્યક્ષ સ્થાને આયોજીત આ ૩૭માં વસંતોત્સવ મનુષ્ય- એક પરિવાર અને ભારત એક યુગ પુરુષ થીમ ઉપર આધારિત હતો.



(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

સ્વાગત પ્રવચન પૂ. કપિલ સ્વામીજીએ કૃયા બાદ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ત પછી ટ્રસ્ટીઓ અને ડાયરેકટર તેમજ તમામ વિભાગના આચાર્યઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે મનુષ્ય એક પરિવાર થીમ ઉપર વિદ્યાર્થીઓના રંગારંગ કાર્યક્રમો થયા હતા. જેમાં પરિવાર ભાવનાનું નૃત્ય નાટિકા સભર મંચન થયું હતું. બીજા દિવસે ભારત એક યુગ પુરુષ થીમ ઉપર દેશપ્રેમ અને રાષ્ટ્રભાવના સભર નૃત્ય નાટિકાનું મંચન થયું હતું. આધુનિક ટેકનોલોજીનો એલઈડીના માધ્યમથી પ્રચુર પ્રયોગ થતા સમગ્ર કાર્યક્રમ દીપી ઉઠયો હતો.

આ પ્રસંગે વિવિધ મંદિર તથા ગુરુકુળોના સંતો ઉપરાંત ધારાસભ્ય કનુભાઈ દેસાઈ, લોક સાહિત્યકાર હરીદાનભાઈ ગઢવી (યુ.કે.), જીતુભાઈ પટેલ (યુ.એસ.એ.) ટોમ પટેલ (યુ.એસ.એ) અલ્કેશભાઈ પટેલ (યુ.એસ.એ.), કાંતિભાઈ પટેલ (કેન્યા), હેમાંગભાઈ પટેલ (યુએસએ), હિમ્મતભાઈ પારેખ (યુએસએ), તરુણભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ (યુએસએ) તથા નાયબ કલેકટર યાદવ (સુરત) વગેરે અનેક અગ્રણી ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.★

## ૦૯થી સર્વોદય એક્સપ્રેસ ગાંધીધામથી ચાલશે અને ૦૮મીએ અમદાવાદ પહોંચનારી સર્વોદય એક્સપ્રેસ ગાંધીધામ સુધી જશે

માનનીય રેલમંત્રી શ્રી પિયુષ ગોયલ ની આગેવાની હેઠળ રેલમંત્રાલય દ્વારા ટ્રેન નં. ૧૨૪૭૩/૧૨૪૭૪ અમદાવાદ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સર્વોદય એક્સપ્રેસ ને ગાંધીધામ સુધી વિસ્તાર આપવામાં આવેલ છે. આ ઉપરાંત તા. ૦૭ ફેબ્રુઆરી એ કટરા થી ઉપાડનારી ટ્રેન નં. ૧૨૪૭૪ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-ગાંધીધામ સર્વોદય એક્સપ્રેસ ૦૮ ફેબ્રુઆરી એ અમદાવાદ પહુંચીને ગાંધીધામ સુધી જશે. ટ્રેન નં. ૧૨૪૭૩ ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સર્વોદય ૦૯ ફેબ્રુઆરી થી ગાંધીધામ થી કટરા માટે ચાલશે. અમદાવાદ થી ગાંધીધામ સુધી વિસ્તારિત આ ટ્રેન બંને દિશાઓમાં વિરમગામ, ધ્રાંગધ્રા અને સામાખીયાલી સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નં. ૧૨૪૭૩ ગાંધીધામ-કટરા સર્વોદય એક્સપ્રેસ દર શનિવારે સવારે ૦૫.૧૦ કલાકે ગાંધીધામ થી ઉપાડીને ૧૧.૧૦ કલાકે અમદાવાદ પહોંચીને ૧૧.૩૦ કલાકે કટરા માટે જશે. ટ્રેન નં. ૧૨૪૭૪ કટરા ગાંધીધામ સર્વોદય એક્સપ્રેસ (દર શુક્રવાર) ૧૪.૩૫ કલાકે અમદાવાદ થી ઉપાડીને રાત્રે ૨૦.૧૦ કલાકે ગાંધીધામ પહુંચશે.

## જાતીય અભિયાન સામે જાગરૂકતા લાવવા ડિગ્નિટી માર્ચ અમદાવાદમાં

**અમદાવાદ,**
જાતીય હિંસાના મામલાઓમાં ગુના—સાબિતીનો ૧૦૦% દર હાંસલ કરવાના સામૂહિક પ્રયાસમાં બળાત્કાર અને જાતીય હિંસાનો ભોગ બનેલાઓની ડિગ્નિટી માર્ચ આજે ગુજરાતના અમદાવાદમાં પહોંચી. મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ, પૉન્ડિચેરી, તામિલ નાડુ, આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાંથી પસાર થતી આ માર્ચ ગુજરાત પહોંચી છે. અમદાવાદમાં તેના આગમન સાથે દસ હજાર કિલોમીટર લાંબી આ માર્ચનું સંખ્યાબળ વધ્યું છે અને જાતીય હિંસાનો ભોગ બનેલાઓ પ્રત્યે લાંછન અને ભયની સંસ્કૃતિનું અંત લાવવાની દિશામાં હજારો સહભાગીઓ આગળ વધી રહ્યા છે અને ગુનેગારોમાં ગુના-સાબિતી અને સજાનો ભય નિર્માણ થવાના કાર્યને નક્કર આધાર મળ્યો છે. તાજેતરના નૅશનલ ક્રાઈમ રેકૉર્ડ બ્યુરો ૨૦૧૬ મુજબ, ભારતમાં હેરફેરનો ભોગ બનેલા કુલ ૧૫,૩૭૯ લોકોમાંથી ૫૮.૭% બાળકો હતાં. આમાંના મોટા ભાગનાં બાળકોની હેરફેર જાતીય-ઉપભોગ માટે (અથવા વ્યાવસાયિક જાતીય શોષણ) માટે થાય છે. આ અહેવાલમાં ગુજરાતની સ્ત્રીઓ અને બાળકોની ગંભીર અને વિકટ પરિસ્થિતિને પણ અધોરેખિત કરાઈ છે. આંકડાઓ મુજબ, બાળકો સામેની ગુનાખોરીનું પ્રમાણ ૧૭૪% જેટલું વધ્યું છે અને ૨૦૧૨માં ૧૩૨૭થી આ સંખ્યા ૨૦૧૬માં ૩૬૩૭ પર પહોંચી ગઈ છે. અમદાવાદમાં પહોંચતાં જ, ડિગ્નિટી માર્ચે ગુજરાત અને ભારતમાં બાળકો અને સ્ત્રીઓ વિરુદ્ધ જાતીય હિંસા અને બળાત્કારને સાંકળતી પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા એક કાર્યક્રમનું આયોજન કર્યું. આ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય ગરિમા અભિયાન, ડિગ્નિટી માર્ચના કન્વીનર આસિફ શેખે બળાત્કાર અને જાતીય હિંસાનો ભોગ બનેલાઓ સાથે મામલાઓની નોંધણી અને આ કાર્ય માટે અભિયાનને આગળ ધપાવવાના મહત્ત્વને અધોરેખિત કર્યું હતું.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર



આજરોજ ખેડબ્રહ્મા તાલુકા હેલ્થ કચેરી દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોકટર મનીષ જે. ફેન્સીના માર્ગદર્શન હેઠળ આશા સંમેલન યોજવામાંઆવ્યુ.માનનીયતાલુકાહેલ્થઅધિકારીડો.આર.ડી.ગોસ્વામી દ્વારા આશા સંમેલનનો ઉદ્દેશ અને સરકારના તમામ કાર્યક્રમો અને યોજનાઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી. શહેરના અગ્રણી ગાયનેકોલોજિસ્ટડો.દક્ષાબેનપટેલદ્વારાસંસ્થાકીયસુવાવડઅનેમાતાની એએનસીતપાસવિશેજાણકારીઆપવામાંઆવી.જિલ્લાઆર.સી.એચ. ઓફિસરડો.આર.જી.શ્રીમાળીદ્વારાઆરોગ્યવિભાગનાસૂચકાંકોજેવા કે માતા મરણ, બાળમરણ અને હોમ ડીલીવરી વિશે જાણકારી આપી. ત્યારબાદશ્રેષ્ઠકામગીરીકરનારઆશાબહેનોનેઈનામવિતરણકરવામાં આવેલ અને ક્વિઝ કોમ્પિટિશનમાં ભાગ લેનાર આશા બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ.( તસ્વીરઃ- હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

## પારડી વલ્લભઆશ્રમના વિદ્યાર્થીઓ સ્કેટીંગ સ્પર્ધામાં ઝળક્યા



(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

**(પ્રતિનિધિ) વલસાડ,**
પારડી વલ્લભઆશ્રમ સ્કૂલના ત્રણ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સ્કેટીંગ સ્પર્ધામાં ઝળકયા હતા. જેઓ ત્રણેય વિદ્યાર્થીઓ એપ્રિલ મહિનામાં ઈન્ડોનેશિયા સ્કેટીંગ સ્પર્ધામાં ભાગ લેશે. પારડી વલ્લભઆશ્રમના ત્રણ વિદ્યાર્થીઓ ઓલમ્પિક ગેઈમ્સ ફેડરેશન ઓફ પુના દ્વારા ઓપન સ્કેટીંગ નેશનલ ચેમ્પિયનશીપ ગોવા ખોત આયોજન કરાયું હતું જેમાં ભારતના ૧૮ રાજયોમાંથી ૬૯૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી અંડર ૧૨ની કેટેગરીમાં જીયા શાહ તૃતિયક્રમ, અંડર ૧૪ કેટેગરીમાં મિષ્ટી દેસાઈ દ્વિતીય ક્રમ, અંડર ૧૬ કેટેગરીમાં જૈનિક કાકડિયા તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્કૂલના ચેરમેન સ્વામી હરિપ્રસાદ, ટ્રસ્ટી દિનેશ સાકરિયા, કુશ સાકરિયા, આચાર્ય આર.પી. મૌર્યએ શુભેચ્છા આપી હતી.★

**ગુજરાત રફીયા ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ**
CIN : L17110GJ1984PLC007124
રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૪૫૫, સાંતેજ વડસર રોડ, ગામ : સાંતેજ, તાલુકા : કલોલ - 382 721
**નોટિસ**
સેબીના (લીસ્ટીંગ ઓબ્લીગેશન તથા ડિસકલોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૭ તથા રેગ્યુલેશન ૨૯ અન્વયે નોટિસ પાઠવવામાં આવે છે કે **તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૯ બુધવાર**ના રોજ બપોરે ૨-૦૦ કલાકે કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સની મિટિંગ ઉપરના રજી. ઓફિસના સરનામે મળશે. જેમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૨૦૧૮ ના રોજ પુરા થયેલા ત્રીમાસીક ગાળાના અનઓડીટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજુર કરવામાં આવશે. બોર્ડ મિટિંગ અંગની વિસ્તૃત માહિતી કંપનીની વેબસાઈટ www.griltarp.com અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com મળશે કે જયાં કંપનીના શેર લિસ્ટેડ છે.
બોર્ડ ઓફ ડીરેકટર્સના હુકમથી ગુજરાત રફીયા ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ માટે
સહી/- **હાર્દિક પટેલ**, કંપની સેક્રેટરી
તારીખ : 05-02-2019
સ્થળ : સાંતેજ

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **મોહમદયુનુસ યુસુફ ભાટી** હતું તે બદલીને **યુનુસ યુસુફ ભાટી** રાખેલ છે.
સરનામું : ૩૫૮૬/૨, મોટી વ્હોરવાડ, આસ્ટોડીઆ, અમદાવાદ
3582

**Public Announcement**
હું રાધાદેવી રહેવાસી I-2, સિંધી નવજીવન એપાર્ટમેન્ટ, સૈજપુર બોઘા, અમદાવાદ - ૩૮૨૩૪૫ આથી જણાવવું છુ કે હું **રાધાદેવી ધનશ્યામદાસ અને ચૈનાની રાધાદેવી ધનશ્યામદાસ** બન્ને નામ એકજ વ્યક્તિના છે.

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **ભાટી મૈમુના મોહમદયુનુસ** હતું તે બદલીને **ભાટી મૈમુના યુનુસ** રાખેલ છે.
સરનામું : ૩૫૮૬/૨, મોટી વ્હોરવાડ, આસ્ટોડીઆ, અમદાવાદ
3582A

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **સુનિતા મનોહરલાલ નિરંકારી** હતું તે બદલીને **સભ્યતા સુનિલ વાધવાની** રાખેલ છે.
સરનામું : ૨૬, રાધેકિશન બંગલોઝ, નંદીગ્રામ નાનાચિલોડા, અમદાવાદ
3581

**અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ**
રજી. ઓફિસઃ પ્લોટ નં. ૨૫/૯-એ, ફેઝ-III, જી.આઈ.ડી.સી. નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦. ફોન : 079-26873340
E-Mail: share@architorg.com Website: www.architorg.com CIN: L24110GJ1993PLC019941
**નોટીસ**
આથી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૭ને રેગ્યુલેશન ૨૯ સાથે વાંચતા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ ખાતે તા. ૧૪.૨.૨૦૧૯ ને ગુરૂવારના રોજ કંપનીના ૩૧.૧૨.૨૦૧૮ ના રોજ પૂર્ણ થતા ત્રિ–માસિક તથા નવ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામો (પ્રોવિઝનલ) ને મંજૂરી આપવા તથા અન્ય કાર્યો (જો કોઈ હોય તો) માટે યોજાશે.
આ માહિતી કંપનીની વેબસાઈટ www.architorg.com તથા બીએસઈ લિમિટેડ (www.bseindia.com) પર ઉપલબ્ધ છે.
વતી, **અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ**
સહી/– કંદર્પ અમીન
તારીખ : ૦૬/૦૨/૨૦૧૯
સ્થળ : અમદાવાદ
ચેરમેન અને હોલ ટાઈમ ડાયરેક્ટર - (DIN : 00038972)

**AMBAR PROTEIN INDUSTRIES LIMITED**
(Formerly Ankur Protein Industries Limited)
Regd. Office : Sarkhej Bavla Highway Road, Opp. Bhagyoday Hotel, Changodar-382213, Ta. Sanand, Dist. Ahmedabad.
Ph.: 02717-250220/250221, Fax.: (02717) 250410,
Email : ambarprotein@yahoo.in • Web: www.amberprotein.com
CIN NO.: L15400GJ1992PLC018758
**NOTICE**
Notice is hereby given that the meeting of the Board of Directors of the Company will be held on 14th February 2019, at 2:30 p.m. inter alia, to consider and approve the Unaudited Financial Results of the Company for the Quarter ended on 31st December 2018.
For AMBAR PROTEIN INDUSTRIES LIMITED
Sd/-
Pradeep Khetani
Managing Director
(DIN: 01786030)

**કોરલ લેબોરેટરીઝ લિમિટેડ**

નોંધણીકૃત કાર્યાલયઃ એસ એફ–૨૦૬, સિલ્વર ઓક કોમ્પ્લેક્સ, બી.પી.સી. રોડ, વડોદરા – ૩૯૦૦૨૦.
ફોન : ૦૨૨–૨૫૦૦૫૨૪૫/૪૬ ફેક્સ : ૦૨૨–૨૫૦૦૪૮૯૩ વેબસાઈટ : www.corallab.com ઈમેલ : cs@corallab.com
કોર્પોરેટ કાર્યાલયઃ ૩/બી, પાટણવાલા કમ્પાઉન્ડ, શ્રેયસ સિનેમાની સામે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ – ૪૦૦૦૮૬
CIN : L24231GJ1997PLC031669

**૩૧ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલ ત્રિમાસિકગાળા અને નવ મહિનાના સમયગાળા માટેનાં સ્ટેન્ડએલોન ઑડિટ નહીં થયેલાં નાણાકીય પરિણામોનું પત્રક** રૂ. લાખમાં (ઈપીએસના આંકડા સિવાય)

| | | ત્રિમાસિક ગાળો (સમાપ્ત તારીખ ૩૧/૧૨/૨૦૧૮) | નવ મહિના (સમાપ્તતારીખ ૩૧/૧૨/૨૦૧૮) | પાછલાં વર્ષનો ત્રિમાસિક ગાળો (સમાપ્ત તારીખ ૩૧/૧૨/૨૦૧૭) |
|---|---|---|---|---|
| | | ઑડિટ નહીં થયેલાં | ઑડિટ નહીં થયેલાં | ઑડિટ નહીં થયેલાં |
| ૧ | વિવિધ કામગીરીઓમાંથી પ્રાપ્ત થયેલી કુલ આવક (ચોખ્ખો) | ૨૫૦૪.૮૭ | ૭૫૯૮.૭૬ | ૨૦૪૮.૮૫ |
| ૨ | આ સમયગાળા માટેનો ચોખ્ખો નફો / (ખોટ) (કર ચૂકવ્યાં, અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં) | ૪૧૩.૦૪ | ૧૬૪૩.૯૩ | ૨૬૭.૯૩ |
| ૩ | આ સમયગાળા માટેનો ચોખ્ખો નફો / (ખોટ) કર ચૂકવ્યાં પહેલાં (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી) | ૪૧૩.૦૪ | ૧૬૪૩.૯૩ | ૨૬૭.૯૩ |
| ૪ | આ સમયગાળા માટેનો ચોખ્ખો નફો / (ખોટ) કર ચૂકવ્યાં પછી (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી) | ૩૧૨.૫૪ | ૧૧૪૦.૪૩ | ૨૧૨.૪૩ |
| ૫ | આ સમયગાળા માટેની કુલ સમાવેશી આવક આ સમયગાળા માટેના નફા / (ખોટ)ના સમાવેશન સાથે (કર ચૂકવ્યાં બાદ) અને અન્ય સમાવેશી આવક (કર ચૂકવ્યાં બાદ) | ૨૮૪.૯૫ | –૧૪૮.૨૨ | –૧૦૩૭.૧૪ |
| ૬ | ચૂકવી દેવામાં આવેલ ઈક્વિટી શેરમૂડી | ૩૫૭.૨૬ | ૩૫૭.૨૬ | ૩૫૭.૨૬ |
| ૭ | પાછલાં વર્ષનાં પાકાં સરવૈયાંમાં દર્શાવાયા મુજબની અનામત મૂડી (પુનઃમૂલ્યાંકન હેઠળની અનામત મૂડી સિવાયની) | ૦ | ૦ | ૦ |
| ૮ | શેરદીઠ આવક (પ્રત્યેકના રૂ. ૧૦/–) (ચાલુ રાખેલી અને બંધ કરી દીધેલી કામગીરી માટે) – | | | |
| | ૧. મૂળભૂતઃ | ૮.૭૫ | ૩૧.૯૨ | ૫.૯૫ |
| | ૨. ડાઇલ્યુટ કરેલઃ | ૮.૭૫ | ૩૧.૯૨ | ૫.૯૫ |

નોંધઃ
૧. ઉપરોક્ત વિગત ૩૧ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજપૂર્ણ થયેલ ત્રિમાસિક ગાળો અને નવ મહિનાના સમયગાળાના વિગતવાર ફોર્મેટમાંથી લેવામાં આવેલ સાર છે. સેબી (લિસ્ટિંગ એન્ડ અધર ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના વિનિયમ ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જિસમાં જમા કરાવવામાં આવેલ ઑડિટ નહીં થયેલ નાણાકીય પરિણામો છે. પૂર્ણ થયેલા ત્રિમાસિકગાળાનાં અને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ પૂરા થયેલા નવ મહિનાના સમયગાળાનાં ઑડિટ નહીં થયેલાં નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ બોમ્બે સ્ટોક એક્સચન્જ અને કંપનીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
૨. ઑડિટ નહીં થયેલાં ઉપરોક્ત નાણાકીય પરિણામોનું ઑડિટ સમિતિ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું છે અને ૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ મળેલી નિદેશક મંડળ (બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ)ની બેઠકમાં મંજૂર કરવામાં આવ્યાં છે.

**કોરલ લેબોરેટરીઝ લિમિટેડના**
બોર્ડ ઑફ ડિરેક્ટર માટે અને તેમના વતી
**એસડી/-**
**શ્રી ગિરીશ ધામેજા**
**પૂર્ણકાલિક નિદેશક**
**(DIN :07798455)**
**સ્થળઃ મુંબઈ**
**તારીખઃ ૫ ફેબ્રુઆરી, ૨૦૧૯**

**SAWACA BUSINESS MACHINES LIMITED**
CIN No. L65910GJ1994PLC023926
Registered Office: 45, Chinubhai tower, Opp. Handloom House, Ashram Road, Ahmedabad-380009
Telephone : 079 26587363, 26583309 e-mail : sawacabusiness@yahoo.com Website: sawacabusiness.com

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER / NINE MONTHS ENDED 31 DECEMBER, 2018** (Rs. In Lakhs)

| NO. | PARTICULARS | For the Quarter Ended 31/12/2018 UNAUDITED | For the nine month Ended 31/12/2018 UNAUDITED | For the Quarter Ended 31/12/2017 UNAUDITED | For the nine month Ended 31/12/2017 UNAUDITED | For the Year Ended 31/03/2018 AUDITED |
|---|---|---|---|---|---|---|
| 1 | Total income from operations (net) | 52.29 | 216.72 | 110.57 | 195.35 | 279.81 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax, exceptional and /or extraordinary items) | 17.72 | 29.38 | 17.95 | 5.78 | 19.78 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after exceptional and/or extraordinary items) | 17.72 | 29.38 | 17.95 | 5.78 | 19.78 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after exceptional and/or extraordinary items) | 17.72 | 29.38 | 17.95 | 5.78 | 14.78 |
| 5 | Total comprehensive Income for the perioed [ comprising profit/(loss) for the period (after tax) and other Comprehensive income (after Tax)] | 17.72 | 29.38 | 17.95 | 5.78 | 14.78 |
| 6 | Paid up Equity Share Capital (Equity shares of Rs.10/-each fully paid) | 1,040.09 | 1,040.09 | 1,040.09 | 1,040.09 | 1,040.09 |
| 7 | Earnings Per Share (of Rs.10/- each) | | | | | |
| | · Basic : | 0.17 | 0.28 | 0.17 | 0.06 | 0.14 |
| | · Diluted: | 0.17 | 0.28 | 0.17 | 0.06 | 0.14 |

Notes:
1 The above standalone financial results were reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at their meeting held on February 06, 2019.
2 Previous period figures have been regrouped and rearranged, whenever considered necessary.
3 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website www.bseindia.com and on the Company's website www.sawacabusiness.com.

Date: 06/02/2019
Place : Ahmedabad

By order of the Board
Sawaca Business Machines Limited
**Shetal Shah**
DIN: 02148909
Managing Director

**ALFA ICA (INDIA) LIMITED**
**CIN : L20100GJ1991PLC016763**
**Regd. Office :** Uma Industrial Estate, Village Vasana-Iyawa, Tal. Sanand, Dist. Ahmedabad, Gujarat. **Tel :** 079-26754030-31 **Fax :** +91-79 26754040.
**E-mail :** info@alfaica.com. **Website:** www.alfaica.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/NINE MONTHS ENDED ON DECEMBER 31, 2018** (Rs.in lakhs)

| Sr. No | Particulars | Quarter Ended 31/12/2018 (Unaudited) | Nine Months Ended 31/12/2018 (Unaudited) | Quarter Ended 31/12/2017 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 1345.68 | 4,264.96 | 4,325.73 |
| 2 | Net Profit/(Loss) for the period (before exceptional Items,extraordinary items & tax) | 40.49 | 116.01 | 110.67 |
| 3 | Net Profit/ (Loss) for the period before tax (after exceptional Items and extraordinary items) | 40.49 | 116.01 | 110.67 |
| 4 | Net Profit/ (Loss) for the period after tax (after exceptional Items and extraordinary items) | 32.02 | 79.98 | 78.67 |
| 5 | Equity Share Capital (Face value of Rs.10/- each) | 404.00 | 404.00 | 404.00 |
| 6 | Reserve excluding revaluation reserves as per balance sheet of previous accounting year | | - | |
| 7 | Earning Per Share (EPS) (before extraordinary items)(of Rs.10/- each) (not annualized) | 0.79 | 1.98 | 1.95 |
| 8 | Earning Per Share (EPS) (after extraordinary items)(of Rs.10/- each) (not annualized) | 0.79 | 1.98 | 1.95 |

**Notes:**
1 The above Financial Results have been reviewed and recommended for adoption by Audit Committee and were taken on record by the Board of Directors at their meeting held on February 06, 2019.
2 Figures for the previous periods have been re-grouped/ re-classified where necessary.
3 The full format of Quarterly /Nine Months ended Results of the Company are available on the website of BSE Ltd (www.bseindia.com) and on Company's website (www.alfaica.com)

For ALFA ICA (INDIA) LIMITED
Sd/-
**RISHI TIKMANI**
WHOLE-TIME DIRECTOR
(DIN: 00638644)

**Date : 06-02-2019**
**Place : Ahmedabad**